ગાંધીનગર સમાચાર



## સલામી સવારની..



**સુપ્રભાતમ્**
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*જૂઠાણાં થી સળગતો સ્થંભ ફાટીને પધારો !*
*પેટે છે ખાયકીનાં આંતરડાં તોડીને પધારો !*
*નથી જનતા કે સંઘનાં, રહ્યાં - બેઠા છે ઉંબરે -*
*ભરાયો ઘડો હિરણ્ય કશ્યપનો હવે તો પધારો !*

**હાઈકુ**

*ચૂંટણી ખોળે*
*નૃસિંહ જયંતિ એ*
*આયો શ્રી રામ !*

*કરશે રક્ષા,*
*જન્તા જનાર્દનની -*
*પ્રહ્લાદ પતિ...*

### ચિંતન

*ચલત્યેકેન પાદેન તિષ્ઠત્યેકન પણ્ડિતઃ ।*
*નાસમીક્ષ્ય પરં સ્થાનં પૂર્વમાયતનં ત્યજેત્ ॥*

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત 'સુભાષિતભાંડાગાર'માંથી લેવામાં આવેલ છે.

બુદ્ધિશાળી માણસ સારી રીતે બીજું સ્થાન જોયા વિના (અડગ નિશ્ચય કર્યા વિના) સ્થાન છોડતાં નથી.

સ્થિર મતિવાળા લૌકિક અને અલૌકિક ધ્યેયને પ્રાપ્ત કરી શકે છે. પરંતુ અસ્થિર વિચારના વિવેક રહિત લોકો, જેને ગીતા 'સકામ માણસ' કહે છે તે બંને માર્ગમાં નિષ્ફળતાનાં જ ભોગી બને છે.

કોઈ નિર્ણય લેતાં પહેલાં સંદર્ભનો પૂર્વાપર વિચાર કરવો જોઈએ જેને 'આંધળુકિયું' કહેવાય એવું ખોટું સાહસ ન કરવું જોઈએ.

અભ્યાસ - સ્વાધ્યાય - સત્સંગથી માણસને સ્થિર બુદ્ધિ અને 'વિવેક' મળે છે વિવેક સારા જ માણસ 'સાચાં-ખોટાં'નો નિર્ણય લઈ શકે છે.

### સુવિચાર

- જેમ સૂર્ય સ્વયં ઘર ઘરમાં પ્રકાશ ફેલાવે છે તે રીતે સજ્જનો કહ્યા વિના જ બીજાની આશા પૂરી કરે છે - **કાલિદાસ**
- માનવીના બે રૂપ છે. એક જે ગાઢ અંધકારમાં પણ જાગતો હોય અને બીજો જે પ્રકાશમાં પણ સૂતો હોય - **ખલિલ જિબ્રાન**
- વૃક્ષો સાથે તેને વીંટળાયેલી વેલ પણ ધરાશાયી થાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સુખ-સમૃદ્ધિનું ત્રાજવું કદી સાચું નથી હોતું, પોતાને તથા મિત્રોને તોળવાનું સાચું ત્રાજવું દુઃખ અને સંકટ છે - **પ્લુટાર્ક**
- ક્રાંતિમાં મહત્ત્વ સામાજિક પરિવર્તનનું છે, નહિં કે સંઘર્ષ કે રક્તપાતનું - **દાદા ધર્માધિકારી**
- સફળતા સાપેક્ષ છે, તે આપણે પોતે સર્જેલી અવ્યવસ્થાનું આપણે શું કરી શકીએ છીએ તે છે - **ટી.એસ. ઈલિયટ**
- આજનું ઔષધ : લીલા નારિયેળના પાણી સાથે ટામેટાનો રસ મેળવી માલિશ કરવાથી ખુજલી મટી જાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

શિષ્યએ ગુરુને પૂછ્યું 'મોટા ભાગના લોકોના મન અશાંત કેમ હોય છે?? મન ને સ્થિર રાખવા શું કરવું જોઈએ?' ગુરુએ એક બોધકથાના રૂપમાં જવાબ આપતા કહ્યું :

એક હાથી જંગલમાં વૃક્ષના પાંદડા આરોગી રહ્યો હતો. એક નાની માખી તેના કાન પાસે આવી ગણગણવા લાગી. હાથીએ પોતાના મોટા કાન હલાવી તેને દૂર કરી. માખી ફરી આવી, હાથીએ એને ફરી ભગાડી. આવું વારંવાર થતાં હાથીએ માખીને પૂછ્યું, 'શા માટે તું આટલી અશાંત થઈ ઘોંઘાટ કરે છે? એક જગ્યાએ શાંતિથી બેસી ન શકે ?' માખીએ કહ્યું, 'હું જે જોઉં, સાંભળું કે સુંઘું એના પ્રત્યે આકર્ષાઈ જાઉં છું, મારી પાંચેય ઈન્દ્રિય અને મારી આસપાસ જે કંઈ છે તેની તરફ આકર્ષાય છે. પરંતુ તમે આટલા શાંત અને નિશ્ચલ કઈ રીતે રહી શકો છો?' હાથીએ કહ્યું, 'મારી પાંચ ઈન્દ્રિયો મારા પર હુકમ ચલાવી શકતી નથી. મારી એકાગ્રતા મારા નિયંત્રણમાં છે અને હું એને મારી મરજી મુજબ દિશા આપું છું. આથી હું જે કંઈ કરું એમાં તલ્લીન થઈ જાઉં છું. અત્યારે હું મારા ભોજનમાં જ ઓતપ્રોત છું. આ રીતે હું ખોરાકનો આનંદ માણું છું. ખોરાક સારી રીતે ચાવું છું મારી એકાગ્રતા ઉપર હું કાબુ રાખું છું. ને મારા મનને હું અહીં - તહીં ભટકવા દેતો નથી. આ રીતે હું શાંત રહી શકું છું.' શિષ્યને જીવનમાં શાંત અને નિશ્ચલ કેવી રીતે રહેવું તેનું રહસ્ય સમજાઈ ગયું.

# હિંસા લોકશાહીની મોટી શરમ

**તંત્રીસ્થાનેથી...**

ચૂંટણીપંચે એને મળેલ બંધારણીય સત્તાની રૂએ પશ્ચિમ બંગાળમાં છેલ્લા તબક્કાની ચૂંટણીનો પ્રચાર એક દિવસ વહેલો થંભાવી દેવાનો આદેશ કર્યો છે. એથી દેખીતી રીતે તૃણમૂલ કોંગ્રેસનાં સર્વેસર્વા મમતા બેનરજીની પ્રચારસભાઓ રદ થઈ છે જયારે મોદીની બેઉ અંતિમ સભાઓ સંપન્ન થઈ જતાં ભારતીય જનતા પાર્ટીને ફાયદો થયો છે. આ નિર્ણયથી ચૂંટણીપંચ વડાપ્રધાનની સીધી તરફેણ કરતું હોવાની છાપ સરજાઈ છે. મમતા બેનરજીએ આ મુદ્દે બળાપો પણ કાઢ્યો જ છે. બંગાળની બેતાલીસ બેઠકો પર ભારતીય જનતા પાર્ટીનો શરૂથી જ ડોળો હતો, જેને અંકે કરવા એણે આકાશપાતાળ એક કર્યાં છે. ઉત્તરપ્રદેશ અને બિહાર ઉપરાંત હિંદી પટ્ટામાં ઘણી બેઠકો ગુમાવવાની ધાસ્તી વચ્ચે મોદી અને શાહ બંગાળ, ઓડિશા તથા દક્ષિણ ભારત પર મદાર રાખતા હતા તે સર્વવિદિત છે. ઉત્તરપૂર્વમાં બાંગ્લાદેશીઓની ઘૂસણખોરીના મુદ્દે ભાજપને સમર્થન મળવાની શક્યતા છે પરંતુ બંગાળ એ, મમતા કહે છે એમ, બિહાર, ઉત્તરપ્રદેશ કે ત્રિપુરા નથી. બંગાળની એક આગવી તાસીર રહી છે. આખા દેશ પર કોંગ્રેસનો સૂરજ સોળે કળાએ તપતો હતો ત્યારે બંગાળ ડાબેરી પક્ષોના રંગે રંગાયું હતું. ડાબેરીઓને હટાવવાનું ગજું કોંગ્રેસનું નહોતું. સાડા ત્રણ દાયકાના એમના વર્ચસ્વને ભાંગીને ભૂક્કો કરવાની ક્ષમતા ધરાવતાં મમતા બેનરજી જાણે હાજરાહજૂર કાલી કે દુર્ગાનું જ સ્વરુપ છે. એમણે શરુઆત તો કોંગ્રેસના કાર્યકર તરીકે જ કરી હતી પરંતુ એમણે અદલ બંગાળી બાબુઓની પ્રકૃતિ મુજબ પોતાની અલગ પાર્ટી રચી એને નામ આપ્યું 'તૃણમૂલ' અર્થાત્ ગ્રાસરૂટ કોંગ્રેસ. મોદીએ શરૂઆતથી એમની કારકિર્દીમાં દીદી-દીદી કરી કરીને ઘણાં લાડ લડાવી જોયાં, પરંતુ દીદી કોઈ જુદી ધાતુની બનેલી છે. એ ગુજરાતી કોંગ્રેસીઓની જેમ કે બણગાં ફૂકતાં શિવસેનાના રમકડાના વાઘની માફક અને પીઠઈકા વગરના નીતિશકુમારની જેમ મોદીના સકંજામાં ન જ આવે, તે સમજી શકાય એમ છે. જેણે ઔદ્યોગિક સામ્રાજયના શહેનશાહ જેવા રતન ટાટાને કૂતરાની જેમ હાંકી કાઢ્યા હોય એ દીદી ગુજરાતી નેતાને ગાંઠે ખરી ? આખરો મોદી-શાહની જુગલજોડીએ દીદીના કૌભાંડકારી સહયોગી મુકુલ રોયને પાંખમાં લીધા, બીજી કેટલી વિકેટો ખેરવી અને શારદા-નારદા કૌભાંડમાં દીદીને ખરડાયેલા બતાવવા કોશિશ કરી પણ ઝાંસીની રાણી કરતાં સવાયા જોરથી મમતા બેનરજી ઝઝૂમી રહ્યાં છે. અટલ બિહારી વાજપેયીની કાવ્યપંક્તિઓ આ ભાજપનાં કટ્ટર વિરોધી બંગાળી વાઘણને લાગુ પડે છે : 'ટૂટ સકતે હૈં મગર હમ ઝૂક નહીં સકતે ! -' અમિત શાહની રેલીએ ૨૦૧૯ની ચૂંટણીને નામોશીથી ખરડી દીધી છે. મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસના ગુંડાઓ અને ભાજપના કાર્યકરો વચ્ચે થયેલી અથડામણ કોલકાતા યુનિવર્સિટીના સંસ્થાપક જેવા મહાન વિચારક ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની પ્રતિમાને ધરાશાયી કરીને જંપી. બેઉ પક્ષોએ સામસામા આક્ષેપો કર્યા છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ચૂંટણીપંચે બેઉની ફરિયાદ ધ્યાને લઈ પ્રચાર માટેની મુદ્દત એક દિવસ ટૂંકાવીને મમતા બેનરજીને તકલીફમાં મૂક્યા છે. બંગાળની અસ્મિતાના નામે મમતા બેનરજીને પ્રજાનો કેટલો સધિયારો છે તે આ ચૂંટણી દરમિયાન સતત જોવા મળ્યું રહ્યું છે. મમતાની તાકાત બંગાળની પ્રજા છે. અસ્તિત્વની લડાઈ લડી રહેલી બે મહિલાઓ મમતા બેનરજી અને માયાવતીને એમના કદ મુજબ વેતરી નાખવા મથતા વડાપ્રધાન પણ વડાપ્રધાનને ન છાજે એવી કક્ષાએ નીચે ઊતરીને ચૂંટણીને વરવું સ્વરુપ આપવામાં ભાગીદાર બન્યા છે. અત્યાર સુધીના ઈતિહાસમાં બીજા કોઈ વડાપ્રધાનને વિપક્ષોએ આટલી હદે અપમાનિત કર્યા નથી, તે હકીકત પણ લોકશાહી રાષ્ટ્ર માટે શરમજનક જ ગણાવી જોઈએ.

# બધું જ સુંદર 'સુંદર'માં...



**અમર વારસો**
ડૉ. રશ્મિકાન્ત મહેતા

સુન્દરે કિં ન સુંદરમ્ ? 'સુંદરકાંડ' માં બધું જ સુંદર છે. બધું જ સરસ છે એટલે તો આ કાંડનું નામ 'સુંદરકાંડ' છે.

ગોસ્વામી શ્રીમદ્ તુલસીદાસ ઈ.સ. ૧૫૩૩ થી ૧૯૨૪) માં 'રામચરિત માનસ્' ની રચના ઈ.સ. ૧૮૭૫માં શરૂ કરી. ગ્રંથ બે વર્ષ અને સાત માસને અંતે પૂરો કર્યો. તેમણે ત્રણ ભાષા ઉંમર પ્રભુત્વ હતું. સંસ્કૃત, વ્રજ અને અવધી. એમણે આ ગ્રંથ અવધીમાં લખ્યો અને અયોધ્યામાં બેસીને જ લખ્યો.

મહર્ષિ વાલ્મિકીના સુંદરકાંડ માટેની આ ઉક્તિ તુલસીદાસના સુંદરકાંડને પણ લાગુ પડે છે.

ચૈત્ર મહિનામાં સુંદરકાંડના પાઠનો મહિલા અપાર છે. સર્વ વ્યાપક રીતે તુલસીદાસના સુંદરકાંડનો પાઠ થાય છે.

(૧) સુંદરકાંડ ખરેખર તો હનુમાનગાથા જ છે. આ રામભક્ત હનુમાનનો જન્મદિવસ ચૈત્રી પૂનમ તો છે.

(૨) હનુમાને પુરવાર કરી આપ્યું હતું કે એમના હૃદયમાં શ્રીરામ બિરાજેલા છે.

તુલસીદાસનાં હૃદયમાં પણ શ્રીરામ છે. એમના આરાધ્ય દેવ છે. આપણે સંસ્કૃતમાં શ્રીરામ - હનુમાનની સ્તુતિ ભારતમાં કરી છે.

શ્રીરામનો જન્મ દિવસ ચૈત્ર સુન નોમ છે.

(૩) હનુમાન ભગવતી સીતાની ભાળ મેળવી શક્યા. એમને મળીને શ્રીરામનો સંદેશ આપ્યો. આ ઘટના શ્રીરામના જીવનપ્રવાહને સાચી અને સારી દિશામાં વાળે છે. આ મહત્ત્વપૂર્ણ ઘટના અશોકાષ્ટમીને દિવસે બની છે. ચૈદ સુધ આઠમે બની છે.

સુંદરકાંડ તો ઘરે ઘરમાં અને સાર્વજનિક સ્થળો મંદિર વગેરેમાં જ વંચાય છે અને બોલાય છે, તેમ છતાં તેમાંથી કેટલાંક અંશ અહીં આપ્યાં છે.

**(૧) મન મહું તરક કરૈ કપિ લાગા । તેહીં સમય બિભીષણુ જાગા ॥**
**રામ રામ તેહિં સુમિરન કીન્હા । હૃદયેં હરષ કપિ સજ્જન ચીન્હા ॥ ૬ ॥**

**(૨) તૃન ઘરિ ઓટ કહતિ બૈદેહી । સુમિરિ અવધપતિ પરમ સનેહી ॥**
**સુનુ દસમુખ ખદ્યોત પ્રકાસા । કબહું કિ નલિની કરઈ બિકાસા ॥ ૯ ॥**

**(૩) કહેઉ રામ બિયોગ તવ સીતા । મો કહું સકલ ભએ બિપરીતા ॥**
**નવ તરુ કિસલય મનહું કૃસાનૂ । કાલનિસા સમ નિસિ સસિ ભાનૂ ॥ ૧૫ ॥**

**(૪) હમ જો કહા યહ કપિ નહિં હોઈ । બાનર રુપ ધરેં સુર કોઈ ॥**
**સાધુ અવગ્યા કર ફલુ એસા । જરઈ નગર અનાથ કર જૈસા ॥ ૨૬ ॥**

**(૫) તવ કુલ કમલ બિપિન દુખદાઈ । સીતા સીત નિસા સમ આઈ ॥**
**સુનહુ નાથ સીતા બિનુ દીન્હેં । હિત ન તુમ્હાર સંભુ અજ કીન્હેં ॥ ૩૬ ॥**

**(૬) જૌં પૈ દુષ્ટહૃદય સોઈ હોઈ । મોરેં સનમુખ આવ કિ સોઈ ॥**
**નિર્મલ મન જન સો મોહિ પાવા । મોહિ કપટ છલ છિદ્ર ન ભાવા ॥ ૪૪ ॥**

**(૭) અસ પ્રભુ છાડિ ભજહિં જે આના । તે નર પસુ બિનુ પૂંછ બિષાના ॥**
**નિજ જન જાનિ તાહિ અપનાવા । પ્રભુ સુભાવ કપિ કુલ મન ભાવા ॥ ૫૦ ॥**

**(૮) મિલત કૃપા તુમ્હ પર પ્રભુ કરિહી । ઉર અપરાધ ન એકઉ ધરિહી ॥**
**જનકસુતા રઘુનાથહિ દીજે । એતના કહા મોર પ્રભુ કીજે ॥ ૫૭ ॥**

# હોમો સેપિયન કોનું વૈજ્ઞાનિક નામ છે ?



**ખજાનો**
અનિલ પટેલ

## વિજ્ઞાન જગત

૧ હોમો સેપિયન કોનું વૈજ્ઞાનિક નામ છે ?
(અ) વાંદરાનું (બ) માનવનું
(ક) ડાયનાસોરનું (ડ) બિલાડી વર્ગના પ્રાણીઓનું

૨ કયા તત્વની ઉણપથી ગોઈટર રોગ થાય છે ?
(અ) કેલ્સિયમ (બ) ફોસ્ફરસ
(ક) આયોડિન (ડ) સલ્ફર

૩ નીચેનામાંથી કયો રોગ પ્રોટીનની ઉણપથી થતો નથી ?
(અ) મરાસ્મસ (બ) કવાશિયોકોર
(ક) હડકવા (ડ) ત્રણેમાંથી એક પણ નહીં

૪ NACO સંસ્થા કયા રોગના રોકથામ માટે કામ કરતી સંસ્થા છે ?
(અ) એઈડઝ (બ) સ્વાઈન ફલુ
(ક) કેન્સર (ડ) થેલેસેમિયા

૫ કયા રોગમાં દર્દીને વધારે પડતા ઝાડા-ઉલ્ટી થાય છે ?
(અ) ટીબી (બ) કોલેરા
(ક) પ્લેગ (ડ) કમળો

૬ થાઈરોકસીનની ખામીને કારણે કયો રોગ થાય છે ?
(અ) ડાયાબિટીસ (બ) ટિટેની
(ક) ગોઈટર (ડ) એડિસન રોગ

૭ રેફ્રીજરેટરમાં ઠંડક પેદા કરવા શરુઆતમાં કયા વાયુનો ઉપયોગ વધુ થતો હતો ?
(અ) એમોનીયા (બ) કાર્બન ડાયોકસાઈડ
(ક) નાઈટ્રોજન (ડ) ક્લોરીન

૮ એલિસા ઓટીસે કયા સાધનની શોધ કરી ?
(અ) ટાઈપ રાઈટર (બ) હાઈડ્રોલીક જેક
(ક) ગ્રામોફોન (ડ) લીફટ

૯ ઈસરોનું મુખ્યાલય કયાં આવેલું છે ?
(અ) અમદાવાદ (બ) થુમ્બા
(ક) બેંગ્લોર (ડ) ત્રિવેન્દ્રમ્

૧૦ સ્ટેથોસ્કોપથી શું મપાય છે ?
(અ) શરીરનું તાપમાન (બ) ઊંચાઈ
(ક) હૃદયના ધબકારા (ડ) બ્લડ પ્રેસર

૧૧ કઈ ધાતુ સફેદ સોનું કહેવાય છે?
(અ) ચાંદી (બ) મેગ્નેશિયમ
(ક) એલ્યુમિનિયમ (ડ) પ્લેટીનમ

૧૨ કયા રોગમાં દર્દીને ઉધરસ, કફ અને ગળફામાં લોહી પડે છે ?
(અ) ક્ષય (બ) કૉલેરા
(ક) કેન્સર (ડ) ડાયાબિટીસ

૧૩ ડૉ. એડવર્ડ ટેલરે શાની શોધ કરી હતી ?
(અ) અણુબોમ્બ (બ) હાઈડ્રોજન બોમ્બ
(ક) મિસાઈલ (ડ) રૉકેટ

૧૪ ભારતમાં ક્ષય રોગનું મુખ્ય સંશોધન કેન્દ્ર કયાં આવેલું છે ?
(અ) બેંગ્લોર (બ) મુંબઈ
(ક) ચેન્નઈ (ડ) હૈદરાબાદ

૧૫ ગ્રેહામ બેલની કઈ શોધે દુનિયમાં ક્રાંતિ સર્જી ?
(અ) રેડિયો (બ) વિજળી
(ક) એક્સ-રે (ડ) ટેલિફોન

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૧૭ મે : વિશ્વ દૂરસંસાર દિવસ / વર્લ્ડ હાઈપર ટેન્શન ડે**
  - ઉત્તમ ગીત કવિ રમેશ પારેખની પુણ્યતિથી (૨૦૦૬)
  - ચાર ભારતીયો ત્રિશૂલની ચોટી પરથી સફળતા પૂર્વક સ્કીઈંગ કરીને ઉતર્યા (૧૯૭૬)
  - ઈઝરાયેલ અને લેબેનોને શાંતિ કરાર પર હસ્તાક્ષર કર્યા (૧૯૮૩)
  - કુમુદિની લાખિયાની જન્મજયંતિ (૧૯૩૦)
- **૧૮ મે : વિશ્વ સંગ્રહાલય દિવસ**
  - બ્રિટીશ સામ્રાજયનું સર્વોચ્ચ માન 'ઓર્ડર ઓફ મેરીટ' મેળવનાર ફિલોસોફર બન્ટ્રાર્ડ રસેલનો જન્મદિવસ (૧૮૭૨)
  - ગઝલ કવિ આદિલ મનસુરીનો જન્મદિવસ (૧૯૩૬)
  - કવિ અને વિવેચક નિરંજન ભગતની જનમજયંતિ (૧૯૩૬)
  - નેપાળે રાજાશાહીના અધિકારો પર કામ મૂકી ધર્મનિરપેક્ષ બનવાનો ઐતિહાસિક કાયદો પસાર કર્યો (૨૦૦૬)
- **૧૯ મે :**
  - ભારતના અર્વાચીન ઉદ્યોગના પ્રણેતા જમશેદજી તાતાનું નિધન (૧૯૦૪)
  - ભારતના છઠ્ઠા રાષ્ટ્રપતિ નિલમ સંજીવ રેડ્ડીનો જન્મદિવસ (૧૯૧૩)
  - નેપાળના અપા શેરપા એ ૧૬મી વખત એવરેસ્ટ સર કર્યું (૨૦૦૬)
  - નાટ્ય લેખક ગિરીશ કર્નાડની જન્મ જયંતિ (૧૯૩૮)
- **૨૦ મે :**
  - લાલ, બાલ અને પાલની ઐતિહાસિક ત્રિપુટીના સભ્ય બિપીનચંદ્ર પાલનું નિધન (૧૯૩૨)
  - સાહિત્યકાર ભોળાભાઈ પટેલનું નિધન (૨૦૧૨)
  - સુસ્મિતા સેન મિસ યુનિવર્સ બની (૧૯૯૪)
  - સુમિત્રાનંદન પંતની જન્મજયંતિ (૧૯૦૦)
- **૨૧ મે : (ત્રાસવાદ વિરોધી દિન)**
  - અમેરિકાની નવી દુનિયાના શોધક ક્રિસ્ટોફર કોલંબસનું નિધન (૧૫૦૨)
  - પદ્મશ્રી એવોર્ડ વિજેતા સાહિત્યકાર શરદ જોષીનો જન્મદિવસ (૧૯૩૧)
  - મલયાલમ ફિલ્મોના સુપરસ્ટાર મોહનલાલનો જન્મદિવસ (૧૯૬૦)
  - રાજીવ ગાંધીની પુણ્યતિથિ (૧૯૯૧)
- **૨૨ મે :**
  - ભારતની વૈચારિક ક્રાંતિના આદ્ય સ્થાપક, સમાજ સુધારક રાજારામ મોહનરાય જન્મ દિવસ (૧૭૭૨)
  - શેહશાહ સૂરીનું અવસાન (૧૫૪૫)
  - પહેલો રગ્બી વર્લ્ડકપ ન્યુઝીલેન્ડમાં શરૂ થયો (૧૯૮૭)
- **૨૩ મે : વર્લ્ડ ટર્ટલ ડે**
  - મલ્લ વિદ્યાના સ્વામી પહેલવાન ગામાનું નિધન (૧૯૬૦)
  - જયપુર સ્ટેટના રાજમાતા ગાયત્રીદેવીનો જન્મદિવસ (૧૯૧૯)
  - ગુજરાત યુનિ.ના પૂર્વ કુલપતિ અને ગણિતશાસ્ત્રી ડૉ. પી.સી. વૈદ્યનો જન્મદિવસ (૧૯૧૮)
  - લીલાવતી મુનશીની જન્મજયંતિ (૧૮૯૯)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**કયા વડાપ્રધાનના માર્ગદર્શન નીચે પોખરણ ખાતે પરમાણુ પરીક્ષણ કરવામાં આવ્યું હતું ? જવાબ : અટલ બિહારી વાજપેયી, ૧૯૯૮માં**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૩) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૪) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬ (૫) મહેશ એમ. જાદવ : ગૂ. વિદ્યાપીઠ, અમદાવાદ (૬) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૭) આકાશ જી. પટેલ : સે-૨૩ (૮) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**કર્ણાટકના હાલના મુખ્યમંત્રીનું નામ શું છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# ચૂંટણી અને કહેવતો



**હળવે હૈયે**
પ્રકાશ લાલા

દેશમાં ચાલી રહેલ 'ઈલ-એકશન' હવે એના છેલ્લા તબક્કામાં છે... ચમકી જવાયું ને 'ઈલ-એકશન' સાંભળીને ? અરે ભાઈ, 'ઈલ-એકશન' એટલે કે 'ઈલેકસન'ની વાત કરું છું...

દુનિયાની મોટી કહેવાતી લોકશાહીના દેશમાં 'ઈલેકશન'માં જે રીતે ગાળાગાળી, અભદ્ર-અરુચિકર ભાષા પ્રયોગો, આક્ષેપો-પ્રતિઆક્ષેપો, મારામારી વગેરે ચાલી રહ્યાં છે તે જોતાં એને 'ઈલ-એકશન' નહીં તો બીજું શું કહીશું ?

હવે આ 'ઈલ-એકશન' સોરી, 'ઈલેકશન' કહેતાં લોકસભા ચૂંટણી-૨૦૧૯નાં પરિણામોની સૌ કોઈ રાહ જોઈ રહ્યા છે - પરીક્ષાર્થીઓને પરીક્ષકો એટલે કે ઉમેદવારો ને મતદારો !! પરીક્ષાર્થી - વિદ્યાર્થીના હૈયામાં જે ઉચાટ- આશંકા - ભય હોય તેવી લાગણી સાથે 'ઈલેકશન' ના ગજવૈયાઓ (પ્રચારકો, ટી.વી. ઉપર ગરમાગરમ ચર્ચા કરનારાઓ - રીઝલ્ટના સર્વેક્ષણો રજૂ કરનારાઓ સ્તો) અને લડવૈયાઓ (ચૂંટણી લડનારાઓ ઊંચા જીવે બેઠા છે રાહ જોતા કે 'ઈવીએમ' કોને હસાવશે ને કોને રડાવશે ? કોનાં સર્વેક્ષણો - અનુમાનો સાચાં પડશે ને કોનાં ખોટાં !!

ઘણા એવા વિદ્યાર્થીઓ હોય છે કે જેમણે પોતાની 'નાપાસ' થવાની ખાતરી સાથે પરીક્ષા આપી હોય છે. ચૂંટણી લડનારામાં ય ઘણા એવા હોય છે કે જેમને હારી જવાના પોતાના સુનિશ્ચિત ભાવિની જાણ ફોર્મ ભર્યું હોય ત્યારથી જ હોય છે... વળી, આવા વિદ્યાર્થીઓ - ઉમેદવારો કશું બોલતા હોતા નથી. તો ઘણા એવા હોય છે કે પોતે શું ઉકાળ્યું છે ને કેટલામાં છે ની પૂરી જાણ હોવા છતાં પોતાની સફળતા વિશે મોટી મોટી (કે ખોટી ખોટી) વાતો કર્યે રાખતા હોય છે. પણ પછી રીઝલ્ટ ડિકલેર થતાં જ 'એમાં તો એવું હતું ને તેમ થયું એટલે....' ફરિયાદો શરૂ... કહો ને કે 'નાચ ન જાને આંગન ટેઢા...'

'નાચ ન જાને...' પરથી યાદ આવ્યું કે બીજું બધું તો ઠીક મારાભાઈ, પણ 'ઈલેકશન' આપણને કેટલી બધી કહેવતોના અર્થ સચોટ રીતે સમજાવી જાય છે... ચૂંટણી લડવા ઉત્સુક અને 'આ વખતે આપણે ઊભા રહેવાના છીએ'ની જોરશોરથી જાહેરાત કરનારનું ફોર્મ જ રીજેક્ટ થતાં એને બેસી જવાનો વારો આવે તે 'અકકરમીનો પડિયો કાણો' ને 'પ્રથમ ગ્રાસે જ મક્ષિકા' જ ને ?

ચૂંટણી જંગમાં ઝૂકાવનારી પાર્ટીઓની પ્રજાને - મતદારોને જે વચનોની લહાણી કરે છે તે સૌ સમજે છે કે આ તો 'અગત્સ્યના વાયદા' છે, અલ્પા !! પ્રચાર - પ્રવચનોમાં જોશમાં આવી જઈ, હોશ ખોઈને પ્રતિસ્પર્ધી વિશે ગમે તેમ બકી - બોલી જનારા, પછી તેની સામે ઉહાપોહ થાય, ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ થાય કે તરત ફેરવી તોળે કે 'હું આવું બોલ્યો નથી, મીડિયાએ ખોટું અર્થઘટન કર્યું છે, મારો મતલબ તો...' આ છે. 'અભી બોલા, અભી ફોક...' ઈલેકશન જીતવા બધા જ 'આકાશ પાતાળ એક કરે' છે એ અતિ સ્વાભાવિક છે... તો ઘણા 'લાગે તો તીર, નહીં તો તુક્કો' માનીને ચૂંટણી લડવા નીકળનાર જોવા મળે છે. (જો કે. એમ કરતાં કોઈ ખપી ઝવા, બેસી જવા, ઈનએક્ટિવ થઈ જવા સેટીંગ્સ કરવા આવે તો ફાયદો જ છે ને એવા ગણતરીબાજ ખરા !!)

ચૂંટણી પ્રવચનોમાં લોભામણી જાહેરાતો કરવી, ગુલાબી સપનાં બતાવવા સામાન્ય થઈ પડ્યું છે ને મતદારોય સમજતા હોય છે કે આ તો 'હથેળીમાં તારા' બતાવે છે ને ઈલેકશન પત્યુ નથી કે 'રાત ગઈ બાત ગઈ' જેવું થવાનું છે. પણ આવી જાહેરાતો કરતી વેળા સામી પાર્ટીએ કે પ્રતિસ્પર્ધીએ તો કંઈ કર્યું જ નથી, બધું અમે જ કર્યું છે - કરીએ છીએ કહેનારા માનતા હોય છે કે 'બાપકી તો લાપસી, પરાઈ તો કુળકી!'

અરે, ચૂંટણી જાહેર થતાં અખબારોમાં એવા વીરપુરુષો વિશે વાંચવા મળે છે કે આ ભાઈ પેલી વ્યક્તિ દરેક ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવે છે કયારેય જીતતા નથી - ઉલ્ટાનું એમની ડિપોઝીટ ડૂલ થતી રહી છે એ અલગ વાત છે... આવા મૂરતિયા વિશે તો એમ જ કહેવાયને કે 'લગને લગને કુંવારા લાલ.'

ઘણી વાર એક યા બીજા પાસનિટ પ્રચારમાં જોડાનારને જે તે પક્ષની 'પૉલિસી' વિશે એનાં કાર્યો વિશે ઝાઝી જાણકારી નથી હોતી કે એની સાથે ન્હાવા નીચોવવાનો સંબંધે ય નથી હોતો પણ હૈસો હૈસો કરતા જુલુસમાં જોડાઈ જતા રહે છે પણ શું થાય ? એ તો 'જેનું ખાય, એનું ગાય' એ બહુ સ્વાભાવિક છે. એમને તો બસ, 'મુસાભાઈનાં વટ-પાણી'

ઈલેકશન રીઝલ્ટ આવી ગયા પછી પ્રજાને થાય છે કે, માર્યા ઠાર ! આ તો 'ભૂત ગયું ને પલીત આવ્યું.' જેવો ઘાટ થયો પાછો. અરે મતદારોને એવું પણ થશે કે જેમની વાતો સાંભળીને ભરમાયા ને ચૂંટ્યા એમના તો 'નામ બડે ને દર્શન ખોટે' છે. કેટલાક એવા હોય છે કે 'ઈલેકશન'ની જાહેરાત થતાં જ ઊંચાનીચા થવા માંડે... પોતાના પક્ષમાંથી ટિકિટનો મેળ નહીં પડે એવું લાગતા બીજી પાર્ટીમાં જોડાય... એટલે કે 'જીસ કે તડમેં લડ્ડુ, ઉસકે તડમેં હમ' કરે... પણ ત્યાંય ગજ વાગે એમ નથી ખબર પડે પાછો બીજા પક્ષમાં કૂદકો મારે... આવા મતલબી - ગુલાંટબાજો માટે કહેવાય છે કે 'અખણ ગયા, દખણ ગયા... પણ લખણ ન ગયા.'

ને ચૂંટણીમાં વિજય એટલે વિજય, પછી એ પચાસ વોટના માર્જિનથી જ કેમ નથી... આવા કિસ્સામાં તો 'અણી ચૂક્યો સો વરસ જીવે' જ કહેવાય ને !

'ઈલેકશન' જેવી પવિત્ર પ્રક્રિયાને 'ઈલ-એકશન'માં ફેરવી નાખનારાઓને આ બે-ત્રણ કહેવતો કહેવી પડે કે 'કાચના ઘરમાં રહેવું ને કાંકરી મારવી' વાજબી નથી. તેમ જ 'ભાવે એટલું ખાવું નહીં ને આવડે એટલું ગાવું નહીં' કેમ કે 'કોઠી ધોવાથી કાદવ જ નીકળે' એ ન ભૂલવું... પણ ચૂંટણી જંગે ચઢેલાઓ કોઈની વાત કયાં માનવાના, ખરું ને ? એટલે સગપણે તો 'તીરે બેસી, તમાશો જોયા કરવાનો' કેમને પ્રજાના પ્રતિનિધિ તરીકે, પ્રજાના સેવક તરીકેનો દાવો કરી ચૂંટાવા નીકળેલા બધા રાજકારણીઓની વાતોમાં આપણને પ્રજાના પ્રાણપ્રશ્નો - મોંઘવારી, બેરોજગારી, યુવાનો ને ખેડૂતોની સમસ્યાઓ, શિક્ષણ ને આરોગ્યના પ્રશ્નો ને - બદલે પરસ્પર ગાળાગાળી જ કાને પડે છે... એમને કંઈ કહેવું એટલે 'પથ્થર ઉપર પાણી' જેવું જ થવાનું એટલે આમાં તો 'ન બોલ્યામાં જ નવ ગુણ' છે, ભાઈ!!